# મહિલાઓ માટેની માનસિકતા બદલાશે ત્યારે મહિલા દિવસની ઉજવણી સાર્થક બનશે

ગાંધીનગર, તા. ૭

આજે વિશ્વ મહિલા દિનના અવસરે ઠેર ઠેર અવનવા કાર્યક્રમો થઈ રહ્યા છે. મહિલા ઉત્થાન માટે શુ શુ જોઈએ તેના વ્યાખ્યાન યોજાઈ રહ્યા છે, તો દુકાનદારો મહિલાઓની નબળી કડીને પકડીને અવનવી ઓફર્સ,



(તસવીર : કશ્યપ નિમાવત)

ડિસ્કાઉન્ટ આપી મહિલાઓને શોપીંગ માટે આકર્ષી રહ્યા છે. છેલ્લા ઘણા વર્ષોથી આવી જ રીતે આ દિવસે કાર્યક્રમો યોજાય છે. પરંતુ આ કાર્યક્રમોનો જે ખરો ઉદ્દેશ્ય છે તે મહિલાઓનો વિકાસ અને તેમનુ યથાયોગ્ય સન્માન હજુ તેમને મળતુ નથી. ભારતમાં હજુ મહિલાઓનું સ્થાન બીજા ક્રમે જ રહ્યુ છે.

**સમયસર**

વિશ્વ મહિલા દિનની ઉજવણી છેલ્લા કેટલાક વર્ષોથી શહેરી વિસ્તારોમાં વ્યાપક બની છે. ૮મી માર્ચના દિવસે અને તેની આસપાસના દિવસોમાં અવનવા મહિલાલક્ષી કાર્યક્રમો યોજી વિશ્વ મહિલા દિનની ઉજવણી થાય છે. મહિલાઓનું સ્થાન છેલ્લા કેટલાક વર્ષોમાં મજબુત ચોક્કસ બન્યુ છે. પરંતુ હોવુ જોઈએ તે સન્માનજનક સ્થાને પહોંચ્યું નથી. પરાપૂર્વથી ચાલી આવતી આપણી પુરૂષપ્રધાન સમાજની માનસિકતા હજુ આપણે બદલી શક્યા નથી તે હકિકત છે. શહેરી વિસ્તારોમાં સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધ્યુ છે, મહિલાઓ નોકરી કરતી થઈ છે, બહારની દુનિયા સાથે જોડાતી થઈ છે. ઘરની બહારની દુનિયામાં તેને માન-સન્માન મળ્યુ છે. પરંતુ આ મહિલા ઘરમાં હજુ પણ પુરૂષપ્રધાન સમાજના ઓછાયા હેઠળ જીવે છે. કમાતી ધમાતી સ્વતંત્ર મહિલાને હજુ ઘર પરિવારમાં જઈ કહેવાતા સંસ્કારોના ઓઠા હેઠળ દબાતા-કચવાતા જીવવુ પડે છે. મહિલાઓમાં શિક્ષણ વધ્યુ છે પરંતુ હજુ બળાત્કાર, છેડતી અને ઘરેલુ હિંસાના બનાવો આપણે ત્યાં જરાય ઓછા થયા નથી તે મહિલા સ્વાતંત્ર્યની પોલ ખુલ્લી પાડવા માટે પુરતા છે. ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓની હાલત વધુ કફોડી છે. આજે પણ તે પરિવારમાં બીજા-ત્રીજા ક્રમનું સદસ્ય ગણાય છે. તેમના શિક્ષણ માટેની પુરતી સુવિધા આપણે હજુ કરી શક્યા નથી. તેને એકલી બહારગામ ભણવા મુકતા કે ફરવા જતાં હજુ પણ આપણું મન કોચવાય છે. મહિલાઓની સુરક્ષા બાબતે આપણે હજુ યોગ્ય વાતાવરણ

● અનુસંધાન પાન-૭ પર




નારી પ્રતિભાઓનું સન્માન - ગાંધીનગરની જાણીતી સેવા સંસ્થા ઉદ્‌ગમ દ્વારા છઠ્ઠો નારી પ્રતિભા સન્માન સમારંભ ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન આશિષ દવેની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં વિશ્વ મહિલા દિનની પૂર્વ સંધ્યાએ મહિલા શક્તિનું ગુણાનુવાદ થયો હતો અને ગાંધીનગર - અમદાવાદની પ્રતિભા સંપન્ન મહિલાઓનું સન્માન કરાયું હતું. (તસવીર : દિપક જાની)

# શહેર-જિલ્લામાં બે દિવસમાં સ્વાઈન ફલુના નવ કેસ નોંધાયા

## બે મહિલા દર્દીઓનું મૃત્યુ : ૧૩૯ દર્દીને રજા અપાઈ

ગાંધીનગર, તા.૭

છેલ્લા બે દિવસમાં ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુના નવ પોઝીટીવ કેસ નોંધાયા છે. આ સાથે આ દર્દીઓની સંખ્યા ૧૮૨ થઈ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં સંપૂર્ણ સાજા થયેલા ૧૩૯ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે ૬ નવા દર્દી નોંધાયા હતા જયારે આજે વધુ ૩ નવા દર્દી નોંધાયા છે. તંત્ર એ આજે જિલ્લાના ખાનગી તબીબો સાથે સ્વાઈન ફલુ અંગે એક બેઠક પણ યોજી હતી અને જનજાગૃતિના કાર્યમાં તંત્રને સહભાગી થઈ મદદ કરવા અપીલ કરી હતી.

સ્વાઈન ફલુને કારણે બે મહિલા દર્દીના મોત થયા છે. માણેકપુરની ૪૨ વર્ષીય મહિલાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.

દરમિયાન માણસા તાલુકાના અંબોડ ગામની એક મહિલા દર્દીને સંપૂર્ણ સાજા થઈ જતાં રજા અપાઈ હતી અને ઘરે જતાં તેનું મૃત્યુ થતાં ગામમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લામાં સ્વાઈ ફલુને કારણે ૨૬ દર્દીના મૃત્યુ થયાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

હવામાનમાં આજે આવેલા પલ્ટાને લઈઆરોગ્યતંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. હવામાનમાં સતત થઈ રહેલા બદલાવને કારણે રોગના દર્દીઓની સંખ્યા વધી શકે તેવી શંકાઓ સેવાઈ રહી છે.

# શહેરમાં એક હજાર જોડાણકર્તાઓને પાણી-ગટર વેરાના બીલ મળ્યા નથી

## એક મહીનામાં અંદાજિત રૂ. ૪૦ લાખની વસુલાત

ગાંધીનગર, તા. ૭

શહેરમાં પાણી-ગટર વેરા ઝુંબેશ અન્વયે અંદાજિત ૧ હજાર જેટલા જોડાણકર્તાઓને બીલ મળ્યા નથી. છેલ્લા એક મહીનામાં તંત્ર દ્વારા આશરે ૪૦ લાખની વસુલાત કરવામાં આવી છે. બીલ ન મળ્યા હોય તેવા કિસ્સામાં પાટનગર યોજના ભવનમાં પાણી વિભાગની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

શહેરમાં પાણી-ગટર વેરાના અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. પાણી-ગટર વેરા સંદર્ભે અંદાજિત રૂ. ૧.૨૫ કરોડથી વધુ માંગણુ વસુલવા તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૧ ફેબ્રુઆરીથી શરૂ થયેલી વેરા વસુલાત ઝુંબેશ અન્વયે તંત્ર દ્વારા છેલ્લા એક મહીનામાં રૂ. ૪૦ લાખ જેટલો વેરો વસુલવામાં આવ્યો છે. બીજી તરફ પાણી-ગટર વેરાના બીલની વહેંચણીના અંતે નવા અને જૂના સેક્ટરોમાં અંદાજિત ૧ હજાર જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# હજુ કમોસમી વરસાદ

## આગામી બે-ત્રણ દિવસમાં વરસાદના યોગ
## ચોમાસુ વહેલુ આવવાની શક્યતા : અંબારામ પટેલ

ગાંધીનગર, તા. ૭

ગુજરાતમાં હજુ પણ કમોસમી વરસાદના યોગો છે તેમ જાણીતા જ્યોતિષવિદ્ શ્રી અંબારામભાઈ દા. પટેલે જણાવ્યું છે.

તેમણે આગાહી કરતાં જણાવ્યું છે કે રાજ્યમાં વાતાવરણ બદલાશે. માવઠુ થવાના યોગો સર્જાશે. આગામી ૨-૩ દિવસમાં પશ્ચિમી વિક્ષેપની અસરતળે કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાત ભાગોમાં વાદળો આવવાની વકી રહે. લઘુત્તમ તાપમાન વધવાની વકી રહે. દરિયાકાંઠાના ભાગોમાં પવન ફુંકાવવાની વકી રહે. દરિયાકાંઠાના ભાગોમાં પવન ફુંકાવવાની વકી રહે. ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હજુ પણ ભારે હિમવર્ષાના યોગ હોવાથી હિમ કે ઠંડકનો વરસાદ થવાની વકી રહે. પવનના લીધે ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં વૃક્ષો પર અસર થવાની વકી રહે.

ભૂભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારો સાથે જોતાં ૮ થી ૧૦માં ગુજરાત સહિત દેશના પશ્ચિમ ઉત્તર ભાગોમાં પશ્ચિમી વિક્ષેપોની અસરથી વાદળ આવે અને હવામાન પલ્ટાય. તા. ૧૧ થી ૧૩માં વંટોળ સાથેના પવનો ફુંકાય-વાદળવાયુ રહે.

શ્રી પટેલે જણાવ્યું છે કે માર્ચ ૧૫ થી ૧૯માં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમવર્ષાની અસર રહે. દેશના મધ્યભાગ, ઉત્તર પૂર્વીય ભાગ તથા દરિયાકાંઠાના ભાગો તેમજ ગુજરાતના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થવાની વકી રહે.

જ્યારે તા. ૧૯ થી ૨૧માં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં ભારે હિમવર્ષા થતાં પવન સાથે કમોસમી વરસાદ-કરા પડવાની વકી રહે.

હોળીની જ્વાળાઓ અને પવનની દિશા અને યોગ જોતાં દેશમાં ચોમાસુ વહેલુ આવવાની આગાહી જાણીતા જ્યોતિષવિદ્ શ્રી અંબારામભાઈ દા. પટેલે કરી છે.

તેમણે જણાવ્યું છું કે પશ્ચિમ-દક્ષિણના પવનો આવતા અને ઉત્તર તરફ જતા જણાયેલ છે અને જુન માસનું ચોમાસુ વહેલુ આવવાની વકી રહે. દિલ્હી, રાજસ્થાન, મ. પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, ગુજરાતના ભાગોમાં ઉનાળા દરમ્યાન સપ્ત ગરમીના યોગ રહે. આ વખતે હોળી પ્રગટાવવાના

● અનુસંધાન પાન-૭ પર




વન્ડફુલ વુમન - ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા નારી પ્રતિભાઓના વિવિધ પાસાઓ પર યોજાયેલ સ્પર્ધાત્મક અભિવ્યક્તિમાં શ્રીમતી લીના ચંદ્રકાન્ત મહેતા વિજયી બનતા વન્ડરફુલ વુમનનો ખિતાબ એનાયત કરાયો હતો. સ્પર્ધામાં વિવિધ રાઉન્ડમાં ૧૦૦થી વધુ મહિલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

# ગુજરાતમાં કોંગ્રેસ ફરી 'ખામ' થિયરીના માર્ગે ભાજપના સંગઠન માટે ચિંતાનો વિષય બન્યો

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંચણી બન્ને પાર્ટીઓ માટે પડકાર
## કોંગ્રેસે વિધાનસભા-૨૦૧૭ની અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી

ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં ચાલુ વર્ષે આવી રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી તેમજ ૨૦૧૭ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખીને કોંગ્રેસના હાઈકમાન્ડે ગુજરાતના સંગઠન માળખામાં આમૂલ પરિવર્તન કરવાનું નક્કી કરતાં ભાજપના પ્રદેશ નેતાઓ સફાળા બની ચૂક્યા છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખપદે ભરતસિંહ સોલંકીનું નામ મૂકાતાં ગુજરાતના રાજકારણમાં ફરીથી ખામ થિયરીનો યુગ આવી રહ્યો હોવાના ભણકારા વાગી રહ્યા છે, આવા સંજોગોમાં ભાજપના પ્રદેશ નેતાઓએ સામૂહિક ચિંતન શરૂ કર્યુ છે અને પાર્ટીના સર્વોચ્ચપદે પટેલ જ્ઞાતિના ઉમેદવારને રિપીટ કરવા કે ક્ષત્રિય-ઓબીસી ઉમેદવારને આગામી ચૂંટણીની ધૂરા સોંપવી તે અંગે અટકળો તેજ બની ચૂકી છે.

કોંગ્રેસના હાઈકમાન્ડે અર્જુન મોઢવાડિયાને અજમાવી જોયા પરંતુ પાર્ટને ચૂંટણીમાં ધારી સફળતા મળી ન હોવાથી હાઈકમાન્ડે મૂળ કોંગ્રેસના અને પૂર્વ મુખ્યપ્રધાન માધવસિંહ સોલંકીના પુત્ર ભરતસિંહ સોલંકીને પ્રદેશ પ્રમુખ બનાવીને એક નવો દાવ રમ્યો છે. કોંગ્રેસમાં તો નીચે થી ઉપર સુધી તમામસ્તરે સંગઠનમાં બદલાવ આવી રહ્યો છે. સંભવ છે કે એપ્રિલ મહિનામાં રાહુલ ગાંધીની તાજપોષી કોંગ્રેસના અધ્યક્ષ તરીકે થાય, જો તેમ થશે તો ગુજરાતમાં પણ તેમના પસંદગીના યુવા નેતાઓને સંગઠનમાં મોટું જોમ મળી શકે છે. ગુજરાતમાં કોંગ્રેસ ૧૯૯૫ પછી સત્તામાં નથી, એટલે કે છેલ્લા ૨૦ વર્ષથી કોંગ્રેસને રાજયમાં શાસન મળ્યું નથી.

બીજી તરફ આટલા વર્ષોથી ભાજપ શાસન કરતું આવ્યું છે. ૨૦૦૧માં ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીને બેસાડ્યા પછી ભાજપે ગુજરાતમાં એક પછી એક ચૂંટણીઓમાં બહુમત મેળવ્યો છે. મોદીએ ગુજરાતમાં ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ એમ સતત ત્રણ વિધાનસભાની ચૂંટણીઓ કબજે કરી એક ઈતિહાસ રચ્યો હતો અને

# પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીનો વિશ્વ મહિલા દિને પ્રેરક સંદેશ

ગાંધીનગર, તા.૭


રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૮, માર્ચની ઉજવણીએ નારીશકિતના સામર્થ્યને રાજયની વકાસયાત્રામાં સહભાગી થવાનું પ્રેરણાદાયી આહવાન કર્યું છે.

શ્રીમતી આનંદીબહેન પટેલે શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, કૃષિ-પશુપાલનના સર્વાંગી ક્ષેત્રે નારી સશકિતકરણના રાજય શાસનના



પ્રયાસોની સફળતાની વિશદ ભૂમિકા આપતાં નારીશકિતને સંદેશો આપતા જણાવ્યું કે, "આંતર રાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે સૌ વડીલોને, નારી જગતને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાતમાં ધીરે ધીરે કરીને નારી શકિત પોતાનું યોગદાન ગુજરાતના વિકાસમાં આપી રહી છે. પછી એ ગ્રામ્ય નારી હોય, શિક્ષિત નારી હોય, ઓછું ભણેલી બહેનો હોય, કે પછી દૂર દૂરના આદિવાસી વિસ્તારોમાં કામ કરતી મહિલાઓ હોય, દરેક પોત-પોતાના ક્ષેત્રમાં રહીને અનેક પ્રકારના કામો કરીને ગુજરાતના વિકાસમાં સહયોગી બની છે જેનો મને ખૂબ જ આનંદ અને ગૌરવ છે.

## લોહાણા બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી સ્વ. લલિતાબહેન ભીખાભાઈ ઠક્કર તા. ૪-૩-૨૦૧૫ ને બુધવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૮-૩-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૬૪૬/૨, સેક્ટર-૪ સી, ગોગાબાપાના મંદિર પાસે,

લિ.

સ્વ. ભીખાભાઈ કાનજીભાઈ ઠક્કર (ઝેકડાવાળા) પરિવાર

રમણભાઈ ભીખાભાઈ ઠક્કર (નિવૃત્ત નાયબ સચિવ, મ.વિ.)
બીપીન ભીખાભાઈ ઠક્કર (માન. મંત્રીશ્રી - ઉર્જા, નાણાંનું કાર્યાલય)
ચંદ્રકાન્ત ભીખાભાઈ ઠક્કર (સેક્શન ઓફિસર, ઉ.ખા.વિ.)
કીર્તિકુમાર ભીખાભાઈ ઠક્કર (તંત્રી - ગાંધીનગર ગેલેક્ષી)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

લિ. • સ્વ. કાન્તીભાઈ પોપટલાલ ઠક્કર પરિવાર • સ્વ. હરિભાઈ પોપટલાલ ઠક્કર પરિવાર










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com